# श्रीचिंतामणिपार्श्वनाथजिनस्तोत्रं[1]

— प. पू. श्री कल्याणसागरसूरि

[ શાર્દૂલવિક્રીડિત છંદ ]

किं कर्पूरमयं, सुधारसमयं, किं चंद्ररोचिर्मयं,
किं लावण्यमयं, महामणिमयं, कारुण्यकेलिमयं ।
विश्वानंदमयं, महोदयमयं, शोभामयं, चिन्मयं,
शुक्लध्यानमयं वपुर्जिनपतेर्भूयाद्भवालंबनं ॥ १ ॥

શું આ કપૂરમય છે ? અમૃત રસમય છે ? કે શું ચંદ્રનાં કિરણોમય છે! કે શું લાવણ્ય (સુંદરતા) મય છે, કે મહામણિમય છે કે કરુણાનું ક્રીડા સ્થાન છે કે, અખિલ આનંદમય છે કે, મહા ઉદયમય છે કે, શોભામય છે કે જ્ઞાનમય છે કે શુકલ ધ્યાનમય છે ? એવું શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું વપુ : (દેહ) ભવ્યજનોને ભવસમુદ્રમાં આલંબનરૂપ થાઓ. (૧)

पातालं कलयन् धरां धवलयन्नाकाशमापूरयन् ,
दिक्चक्रं क्रमयन् सुरासुरनरश्रेणिं च विस्मापयम् ।
ब्रह्मांडं सुखुवन् जलानि जलधेः फेनच्छलाल्लोलयन्,
श्री चिंतामणिपार्श्वसंभवयशोहंसश्चिरं राजते ॥ २ ॥

પાતાળમાં પ્રવેશતો, પૃથ્વીને ઉજ્જવળ કરતો, આકાશને ભરી દેતો, દિશાઓમાં વ્યાપતો, સુર, અસુર અને માનવની શ્રેણીને વિસ્મય પમાડતો, બ્રહ્માંડનું રક્ષણ કરતો, સમુદ્રના મોજાંના જળને ફીણના છળથી ઉછાળતો, એવો શ્રી ચિંતામણિ પાર્શ્વપ્રભુનો યશરૂપી હંસ દીર્ઘ કાળ પર્યંત શોભે છે. (૨)

पुण्यानां विपणिस्तमोदिनमणिः कामेभकुंभसृणिः,
मोक्षे निःसरणिः सुरेन्द्रकरिणिज्योतिः प्रभासारणि ।

---

૧. પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ કૃત...જેટલો ભાવ ભરપુર અને મધુર સ્તોત્રો અનુવાદ સહિત એક પુસ્તક જામનગર અંચલગચ્છ જૈન સંઘે સં......માં પ્રકાશિત કરેલો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दाने देवमणिर्नतोत्तमजनश्रेणिकृपासारणिः
विश्वानंदसुधाघृणिर्भवमिदे श्रीपार्श्वचिंतामणिः ॥ ३ ॥

પુણ્યની દુકાન સમાન, અંધકાર માટે સૂર્ય સમાન, કામરૂપી હાથીના કુંભસ્થળ માટે અંકુશ સમાન, મોક્ષમાં જવા માટે નિસરણી સમાન, સુરેન્દ્રપદ માટે ઐરાવત હસ્તિની – હાથિણી સમાન, જ્યોતિ માટે પ્રભાની નીક સરખા, દાન દેવામાં ચિંતામણિ સમાન, નમેલા એવા ઉત્તમ મનુષ્યોની શ્રેણીને માટે કૃપાની નીક સમાન, વિશ્વને આનંદ આપવામાં ચંદ્ર સમાન, એવા શ્રી પાર્શ્વ ચિંતામણિ પ્રભુ ભવિકોના ભવના ભેદન કરનારા છે. (૩)

श्री चिंतामणिपार्श्व विश्वजनतासंजीवनं त्वं मया,
दृष्टस्तात ततः श्रियः समभवन्नाशक्रमाचक्रिणः ।
मुक्तिः क्रीडति हस्तयोर्बहुविधं सिद्धं मनोवांछितं,
दुर्दैवं, दुरित च दुर्दिनभयं कष्टं प्रणष्टं मम ॥ ४ ॥

વિશ્વના લોકોને સંજીવન આપનાર શ્રી ચિંતામણિ પ્રભુને મેં નીરખ્યા. હે પ્રભુ! તેથી મને શકેંદ્રની અને ચક્રિની સંપત્તિઓ પ્રાપ્ત થયેલ છે. મુક્તિ તો મારા બન્ને હાથમાં રમી રહી છે. બહુ પ્રકારનું મારું મનોવાંચ્છિત સિદ્ધ થયું છે અને દુર્દૈવ, પાપ, દુર્દિનનો ભય અને મારું (સકળ) કષ્ટ નાશ પામ્યું છે. (૪)

यस्य प्रौढतमप्रतापतपनः प्रोदामधामा जगत,
जघालः कलिकालकेलिदलनो मोहांधविध्वंशकः ।
नित्योद्योतपरं समस्तकमलाकेलीगृहं राजते,
स श्री पार्श्वजिनो जने हितकरो चिंतामणिः पातु मां ॥ ५ ॥

જેમનો પ્રતાપરૂપી સૂર્ય ખૂબ પ્રૌઢ છે, જેમની ઉગ્ર જ્યોતિ જગતમાં વ્યાપ્ત છે, જે કળિકાળની ક્રીડાના દળન કરવાવાળા છે, મોહના અંધકારના નાશ કરવાવાળા છે, જે હંમેશાં પ્રકાશ કરનાર છે અને જેમના ઘેર સમસ્ત સંપત્તિઓ ક્રીડા કરી રહી છે. વળી જેઓ લોકોને હિતકારી છે એવા શ્રી ચિંતામણિ પાર્શ્વ પ્રભુ મને રક્ષણના કરનારા થાઓ. (૫)

विश्वव्यापितमो हिनस्ति तरणिर्बालोऽपिकल्पांकुरो,
दारिद्राणि गजावलिं हरिशिशुः काष्ठानी वह्ने कणः ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पीयूषस्य लवोऽपिरोगनिवहं यद्धत्तथा ते विभो,
मूर्तिः स्फूर्तिमती सती त्रिजगति कष्टानि हर्तुं क्षमा ॥ ६ ॥

પ્રાતઃકાલનો બાલસૂર્ય પણ વિશ્વમાં વ્યાપેલા અંધકારનો નાશ કરે છે, કલ્પવૃક્ષનાં અંકુરો દારિદ્રયનો નાશ કરે છે, સિંહનું બચ્ચું પણ હસ્તિઓની શ્રેણીનો નાશ કરે છે, અગ્નિનાં કણીઓ લાકડાંનો નાશ કરે છે, અમૃતનું ટીપું પણ રોગના સમૂહનો નાશ કરે છે, તેની પેઠે, હે પ્રભુ ! તારી દેદિપ્યમાન મૂર્તિ ત્રણે જગતમાં કષ્ટોને હરવાને શક્તિમાન છે. (૬)

श्रीचिंतामणिमंत्रमोंकृतियुतं ह्रींकारसाराश्रितं,
श्रीमर्हं नमिउणपासकलितं त्रैलोक्यवश्यावहं ।
द्वेधाभूतविषापहं विषहरं श्रेयः प्रभावास्पदं,
सोल्लासं वसुधांकित जिनफुलिंगानंदनं देहिनाम् ॥ ७ ॥

ॐકારથી યુક્ત; હ્રીંકારરૂપ જે સાર તેથી યુક્ત, શ્રીંકારથી યુક્ત અરિહંતને નમીને શ્રી પાર્શ્વથી યુક્ત, ત્રૈલોકયને વશ કરનારું, દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારના વિષનો નાશ કરનારું, સર્પના વિષને હરનારું, કલ્યાણ અને પ્રભાવનું સ્થાન, પૃથ્વીમાં પ્રસિદ્ધ શ્રી જિન કુલિંગ નામનું પ્રાણીઓને આનંદને આપનારું એવું (૭)

ह्रींश्रींकारवरं नमोक्षरपरं ध्यायंति ये योगिनो,
हृत्पद्मे विनिवेश्य पार्श्वमधिपं चिंतामणीसंज्ञकः ।
भाले वामभुजे च नाभिकरयोर्भूयो भुजे दक्षिणे,
पश्चादष्टदलेषु ते शिवपदं द्वित्रैर्भवैर्यांत्यहो ॥ ८ ॥

ઉત્તમ હ્રીંકાર અને શ્રીંકાર, જેની પછી નમો અક્ષર છે, એવા શ્રી ચિંતામણિ સંજ્ઞાવાળા શ્રી પાર્શ્વનાથને હૃદયપદ્મમાં સ્થાપીને ભાલમાં ડાબી ભુજામાં, નાભિમાં અને બન્ને હાથમાં, જમણી ભુજામાં અને છેલ્લે અષ્ટદળ કમળમાં જે યોગીજનો ઉલ્લાસપૂર્વક ધ્યાન કરે છે, તેઓ બે ત્રણ ભવમાં જ સિદ્ધિપદને પામે છે. (૮)

नो रोगा नैव शोका न कलहकलना नारिमारीप्रचारः
नैवांध्यं नासमाधिर्न च दुरदुरिते दुष्टदारिद्रता नो ।
नो शाकिन्यो ग्रहा नो न हरिकरिगणव्यालवेतालजालाः,
जायंते पार्श्वचिन्तामणिनतिवशतः प्राणिनां भक्तिभाजाम् ॥१०॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાર્શ્વ ચિંતામણિને નમસ્કારથી ભક્તિવાળા પ્રાણીઓના રોગો, શોક, કજીઆ-કંકાસ, શત્રુ અને મરકીનો પ્રચાર, અંધપણું, અસમાધિ, દુઃખ અને પાપ, દુષ્ટ દરિદ્રતા, શાકિનીઓ, દુર્ગ્રહો, સિંહ, હસ્તિગણ, સાપ, વૈતાળના સમૂહો દુઃખકર્તા થતા નથી. (૯)

गीर्वाद्रुणमधेनुकुंभमणयः स्वस्यांगणैरंगिणो,
देवा दानवमानवाः सविनयं तस्मै हितं ध्यायिनः ।
लक्ष्मीस्तस्य वशा, वशेव गुणिनां ब्रह्माण्डसंस्थापिनी,
श्रीचिंतामणिपार्श्वनाथमनिशं संस्तौति यो ध्यायति ॥ १० ॥

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથને જે મનુષ્ય સ્તવે છે અને ધ્યાન ધરે છે, તેમના ઘરના આંગણાંમાં કલ્પવૃક્ષ, કામધેનુ, કામકુંભ અને રત્નચિંતામણિ નિવાસ કરે છે. દેવો, દાનવો અને માનવો તેમના હિતનું વિનયપૂર્વક ધ્યાન કરવાવાળા થાય છે અને ગુણી પુરુષોને જેમ સ્ત્રી વશમાં રહે છે, તેમ સંસારને સંસ્થાપન કરવાવાળી લક્ષ્મી વશ થાય છે. (૧૦)

इति जिनपतिपार्श्वः पार्श्वपार्श्वाख्ययक्षः,
प्रदलितदुरितौघः प्रीणितः प्राणिसंघः ।
त्रिभुवनजनवांछादानचिंतामणीकः,
शिवपदतरुबीजं[1] बोधिबीजं ददातु ॥११॥ इति॥

એ પ્રમાણે તીર્થપતિ શ્રી પાર્શ્વપ્રભુ, જેમના પાસમાં પાર્શ્વયક્ષ. છે જેમણે પાપોના સમૂહનો વિનાશ કરેલ છે, પ્રાણીઓના સંઘને આનંદિત કરેલ છે, ત્રણે ભુવનના લોકોને ઇચ્છિત દાન દેવામાં જે ચિંતામણિ સમાન છે, જે શિવપદ એટલે મુક્તિના બીજ સમાન છે, તે શ્રી પાર્શ્વપ્રભુ બોધિ બીજ એટલે કે સમ્યકત્વને આપો. (૧૧)

૧. 'શિવ' શબ્દ દ્વારા કવિએ પોતાનું 'શિવોદધિ કલ્યાણસાગર' નામ સૂચિત કરેલ છે.

■ ■ ■

सर्वाणि भूतानि सुखे रमन्ते, सर्वाणि दुःखैश्च भृशं त्रसन्ते ।
तेषां भयोत्पादनजातखेदः कुर्यान्न कर्माणि हि श्रद्दधानः ॥

સર્વ પ્રાણીઓ સુખમાં આનંદિત થાય છે, સર્વ પ્રાણીઓ દુઃખથી અતિ ત્રસ્ત થાય છે. એટલે પ્રાણીઓને ભય ઉત્પન્ન કરવામાં ખેદ અનુભવતો શ્રદ્ધાળુ પુરુષ ભયોત્પાદક કર્મ ન કરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org